સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 10**

[MARCH - 2023]
[05/03/23 to 11/03/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**05 MAR-2023**

- મ્યાનમાર સાગની વેપાર (Myanmar Teak Trade) ..... 02
- Women, Business and the Law 2023 Report ..... 03
- QUESTION ANSWERS ..... 05

**06 MAR-2023**

- ઇરાની કપ 2022-23 રેસ્ટ ઓફ ઇન્ડિયા ..... 06
- HTT - 40 ટ્રેનર એરક્રાફ્ટ ..... 06
- S - 400 Triumf Missile System ..... 07
- QUESTION ANSWERS ..... 10

**07 MAR-2023**

- દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ ..... 11
- 7મું આંતરરાષ્ટ્રીય ધર્મ ધમ્મ સંમેલન ..... 11
- એકેડેમિક ફ્રીડમ ઇન્ડેક્સ રિપોર્ટ ..... 12
- Indian States Energy Transition Report ..... 13
- QUESTION ANSWERS ..... 15

**08 MAR-2023**

- દિવસ મહિમા : 08 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day) ..... 16
- હર પેમેન્ટ ડિજિટલ મિશન ..... 16
- મેઘા-ટ્રોપિક્સ-1 સેટેલાઇટ (MT-1) ..... 18
- QUESTION ANSWERS ..... 19

**09 MAR-2023**

- હોળી (ફાગણ માસની પૂનમ) ..... 20
- હોલમાર્ક યુનિક આઇડેન્ટિફિકેશન (HUID) નંબર ..... 22
- QUESTION ANSWERS ..... 24

**10 MAR-2023**

- દિવસ મહિમા : 10 માર્ચ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળનો સ્થાપના દિવસ ..... 25
- યુએન હાઇ સી સંધિ (UN Treaty of the High Seas) ..... 25
- બ્રહ્મોસ મિસાઇલનું સફળ પરીક્ષણ ..... 26
- નશા મુક્ત ભારત અભિયાન ..... 28
- QUESTION ANSWERS ..... 29

**11 MAR-2023**

- IBSA અને ડિજિટલ ગવર્નન્સ રિફોર્મ્સ ..... 30
- FRINJEX - 23 અભ્યાસ : ભારત-ફ્રાન્સ ..... 31
- QUESTION ANSWERS ..... 32

**ONLY LINER** ..... 33

**QUESTION OF THIS WEEK** ..... 37


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મ્યાનમાર સાગનો વેપાર (Myanmar Teak Trade)

ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ્સ (ICIJ) દ્વારા તાજેતરની તપાસમાં જાણવા મળ્યું છે કે ભારત ચીન પછી મ્યાનમારના 'Conflict Wood' (અથવા 'સંઘર્ષ લાકડા અથવા વિવાદિત લાકડ)નો બીજો સૌથી મોટો આયાતકાર દેશ બની ગયો છે.



- ભારતે મ્યાનમારમાંથી સાગની આયાત પર પ્રતિબંધ મૂક્યો નથી અને તેની યુએસ અને યુરોપિયન યુનિયનમાં નિકાસ કરે છે.
- સાગનો આ પુરવઠો માત્ર મ્યાનમારમાં જંગલ વિસ્તારને ઘટાડતો નથી પરંતુ મ્યાનમારના લશ્કરી શાસનને પણ ભરણપોષણ પૂરું પાડે છે.
- ફેબ્રુઆરી 2021માં મ્યાનમારમાં લશ્કરી બળવાને પગલે લશ્કરી જુન્ટાએ મ્યાનમાર ટિમ્બર એન્ટરપ્રાઈઝિસ (MTE)ને કબજે કર્યુ હતું. જે મ્યાનમારના મૂલ્યવાન લાકડા અને સાગના વેપાર પર વિશિષ્ટ નિયંત્રણ ધરાવતું હતું.
- આ વિવાદિત લાકડાનું વેચાણ લશ્કરી શાસન માટે આવકનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે.
- લાકડાના વેપાર પર પશ્ચિમી પ્રતિબંધોને પગલે ગેરકાયદે લાકડાના વેપાર માટે પરિવહન દેશ તરીકે તેની લોકપ્રિયતા વધી છે.
- ફોરેસ્ટ વોચ અનુસાર ભારતીય કંપનીઓએ ફેબ્રુઆરી 2021 અને એપ્રિલ 2022 વચ્ચે 10 મિલિયન અમેરિકન ડોલરથી વધુ મૂલ્યની સાગની આયાત કરી હતી.
- ભારત વિશ્વમાં સાગનો સૌથી મોટો આયાતકાર અને પ્રોસેસ્ડ સાગ લાકડાના ઉત્પાદનોનો સૌથી મોટો નિકાસકાર છે.
- યુરોપિય યુનિયન, અમેરિકા, બ્રિટન, સ્વિત્ઝર્લેન્ડ અને કેનેડા દ્વારા મ્યાનમાર વનસંવર્ધન ઉદ્યોગ સામે પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જેમાં રાજ્ય સંચાલિત મ્યાનમાર ટિમ્બર એન્ટરપ્રાઈઝ (MTE)નો પણ સમાવેશ થાય છે.

### મ્યાનમાર સાગનું મહત્વ અને સ્થિતિ

મ્યાનમારના પાનખર અને સદાબહાર જંગલોમાંથી સાગને સૌથી વધુ તણાવયુક્ત અને ટકાઉ હાર્ડવુડ માનવામાં આવે છે, જે પાણી અને ઉધઈ સામે પ્રતિરોધક છે.

- મ્યાનમારમાં સાગના જંગલોનું આવરણ અને અનામત ઘટી રહ્યું છે, પરિણામે આ લાકડાની કિંમતમાં વધારો થવો સ્વાભાવિક છે.

- ગ્લોબલ ફોરેસ્ટ વોચ અનુસાર છેલ્લા 20 વર્ષોમાં મ્યાનમારનું જંગલ સ્વિત્ઝર્લેન્ડના કદ જેટલું ઓછું થયું છે.
- સાગ એ ભારત, મ્યાનમાર, લાઓસ અને થાઈલેન્ડમાં જોવા મળતું મોટુ પાનખર વૃક્ષ છે.
- સાગ વિવિધ આબોહવાની પરિસ્થિતિઓમાં ઉગી શકે છે. અને તે ખૂબ જ શુષ્કથી લઈને ખૂબ જ ભેજવાળા વિસ્તારોમાં જોવા મળે છે.
- તેમાં સડવાની સંભાવના ખૂબ ઓછી છે અને જંતુઓથી પ્રભાવિત નથી, હવાના સંપર્કમાં આવવાના કારણે આ વૃક્ષોને આંતરિક ભાગ લીલાથી સોનેરી બદામી રંગમાં બદલાય છે.
- આ લાકડાની પ્રજાતિ IUCN રેડ લિસ્ટમાં લુપ્તપ્રાય તરીકે સુચિબદ્ધ છે, પરંતુ CITES પર સૂચિબદ્ધ નથી.
- વર્ષ 2013માં યુરોપિયન યુનિયને ગેરકાયદે લાકડાને તેના બજારોમાં પ્રવેશતા અટકાવવા માટે નિયમો ઘડ્યા હતા.
- વર્ષ 2000 થી 2013 વચ્ચે મ્યાનમારમાંથી નિકાસ કરાયેલ 70% થી વધુ લાકડા ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા.
- ત્યારબાદ વર્ષ 2021માં લશ્કરી બળવાને પગલે યુરોપિયન યુનિયન અને અમેરિકાએ મ્યાનમાર સાથે લાકડાના તમામ વેપાર પર પ્રતિબંધ મૂક્યો હતો.
- મ્યાનમારમાંથી ચીન અને ભારત ઐતિહાસિક રીતે સાગના સૌથી મોટા આયાતકારો છે.

## Women, Business and the Law 2023 Report

વિશ્વ બેંકના 'વુમન, બિઝનેસ એન્ડ ધ લો 2023' (Women, Business and the Law 2023 Report)માં ભારતે પ્રાદેશિક સરેરાશ કરતા વધુ સ્કોર કર્યો છે.

- આ રિપોર્ટમાં ભારતના સંદર્ભમાં મુંબઈના મુખ્ય બિઝનેસ સિટીમાં કાયદા અને નિયમોના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- અવર–જવરની સ્વતંત્રતા, મહિલાઓના રોજગારના નિર્ણયો અને લગ્ન પ્રતિબંધોને લગતા કાયદાઓ માટે ભારતને સંપૂર્ણ સ્કોર મળ્યો છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

#### ભારત

ભારતને નિમ્ન મધ્યમ આવક ધરાવતા દેશ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે, જેનો WBL ઈન્ડેક્સ સ્કોર 100માંથી 74.4 છે.

- ભારતનો એકંદર સ્કોર દક્ષિણ એશિયા માટે <u>પ્રાદેશિક સરેરાશ (63.7) કરતા વધારે</u> છે.
- દક્ષિણ એશિયા ક્ષેત્રમાં <u>સૌથી વધુ સ્કોર 80.6 (નેપાળ)</u> છે.


## વૈશ્વિક સ્તરના મુખ્ય તારણો

બેલ્જિયમ, કેનેડા, ડેનમાર્ક, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, આઈસલેન્ડ, આયર્લેન્ડ, લાતવિયા, લકઝમબર્ગ, નેધરલેન્ડ, પોર્ટુગલ, સ્પેન અને સ્વીડન સહિત માત્ર <u>14 દેશો</u>ને <u>100નો સંપૂર્ણ સ્કોર</u> મળ્યો છે.

- વર્ષ <u>2022માં</u> વૈશ્વિક સરેરાશ સ્કોર <u>100માંથી 76.5</u> છે.
- વિશ્વભરમાં કામકાજની ઉંમરની લગભગ <u>2.4 બિલિયન મહિલાઓ</u> એવી અર્થવ્યવસ્થામાં સામેલ છે જ્યાં તેમને પુરુષો જેવા અધિકારો નથી.
- સુધારાની વર્તમાન ગતિએ દરેક જગ્યાએ કાયદાકીય લિંગ સમાનતા સુધી પહોંચવામાં ઓછામાં ઓછા <u>50 વર્ષ</u> લાગશે. લિંગ સમાનતા તરફની પ્રગતિ <u>20 વર્ષ</u>માં સૌથી ધીમી ગતિએ પહોંચી છે.
- મોટાભાગના સુધારાઓ માતા–પિતા અને પુરુષો (પિતાઓ) માટે વેતન રજા વધારવા, મહિલાઓના કામ પરના નિયંત્રણો હટાવવા અને સમાન વેતન ફરજિયાત કરવા પર કેન્દ્રિત હતા.

નોંધ : (1) <u>વુમન, બિઝનેસ એન્ડ ધ લૉ 2023</u> એ વાર્ષિક અહેવાલોની શ્રેણીમાં <u>9મી</u> આવૃત્તિ છે, જે <u>190 અર્થતંત્રો</u>માં મહિલાઓની આર્થિક તકોને અસર કરતા કાયદા અને નિયમોનું વિશ્લેષણ કરે છે.

(2) આ રિપોર્ટમાં <u>કુલ આઠ સૂચકાંકો</u> છે–ગતિશીલતા, કાર્યસ્થળ, પગાર, લગ્ન, પિતૃત્વ, ઉદ્યોગસાહસિકતા, સંપત્તિ અને પેન્શન.



1. ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ્સ (ICIJ) દ્વારા તાજેતરની તપાસમાં જાણવા મળ્યું છે કે _____ દેશ ચીન પછી મ્યાનમારના 'Conflict Wood' (અથવા 'સંઘર્ષ લાકડું/સાગનું લાકડું)નો બીજો સૌથી મોટો આયાતકાર દેશ બની ગયો છે.

(A) રશિયા (B) બાંગ્લાદેશ (C) ભારત (D) જાપાન **(C)**


2. વિશ્વ બેંકના 'Women, Business and the Law 2023 Report' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટમાં ભારતને નિમ્ન મધ્યમ આવક ધરાવતા દેશ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે, જેનો WBL ઈન્ડેક્સ સ્કોર 100માંથી 74.4 છે.
2. ભારતનો એકંદર સ્કોર દક્ષિણ એશિયા માટે પ્રાદેશિક સરેરાશ (63.7) કરતા વધારે છે.
3. દક્ષિણ એશિયા ક્ષેત્રમાં સૌથી વધુ સ્કોર 80.6 નેપાળને છે.
4. આ રિપોર્ટ અનુસાર માત્ર 14 દેશોને 100નો સંપૂર્ણ સ્કોર મળ્યો છે તથા વર્ષ 2022માં વૈશ્વિક સરેરાશ સ્કોર 100માંથી 76.5 છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ઇરાની કપ 2022-23 રેસ્ટ ઓફ ઈન્ડિયા




તાજેતરમાં ઈરાની કપ 2022-23નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ગ્વાલિયરના રૂપસિંહ સ્ટેડિયમમાં ઈરાની કપ 2023ની ફાઈનલ રેસ્ટ ઓફ ઈન્ડિયા અને મધ્યપ્રદેશ વચ્ચે રમાઈ હતી.
- જેમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાએ મધ્યપ્રદેશને હરાવીને ઈરાની કપ જીતી લીધો છે.
- ઈરાની કપ BCCI દ્વારા આયોજિત પ્રથમ વર્ગની ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- તે દર વર્ષે રણજી ટ્રોફી વિજેતા ટીમ અને ભારતની બાકીની ટીમ (રેસ્ટ ઓફ ઈન્ડિયા) વચ્ચે રમાય છે.
- રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમમાં વિવિધ રાજ્યોની રણજી ટીમોના ખેલાડીઓનો સમાવેશ થાય છે.
- નોંધનીય છે કે મધ્યપ્રદેશની ટીમે 2021-22ની રણજી ટ્રોફી જીતી હતી.

## HTT - 40 ટ્રેનર એરક્રાફ્ટ



કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં રૂ.6,828.36 કરોડના ખર્ચે 70 HTT-40 બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ (BTA)ની ખરીદીને મંજૂરી આપી છે.

- આ એરક્રાફ્ટ 6 વર્ષના સમયગાળામાં પૂરા પાડવામાં આવશે.
- જેથી ભારતીય વાયુસેનામાં નવા સામેલ કરાયેલા પાઈલોટ માટે મૂળભૂત ટ્રેનર એરક્રાફ્ટની અછતને પહોંચી વળવામાં મદદ મળશે.

### HTT - 40

HTT-40 (હિન્દુસ્તાન ટર્બો ટ્રેનર 40) એ ભારતીય વાયુસેના (IAF) માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસિત મૂળભૂત ટ્રેનર એરક્રાફ્ટ છે.

- તે IAF HPT-30 દીપક ટ્રેનર એરક્રાફ્ટના જૂના કાફલાને બદલશે.
- તે તેમની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ ઈંધણ કાર્યક્ષમતા અને પાવર રેટિંગ આપે છે.
- તે ટૂંકા અંતરથી ઉડી શકે છે અને ઝડપથી ઊંચાઈ સુધી પહોંચી શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તેની મહત્તમ ઝડપ 450 કિ.મી./કલાક છે અને મહત્તમ 1000 કિ.મી.ની ઊંચાઈએ પહોંચી શકે છે.
- તે ફ્લેપ ડાઉન સાથે 135 કિ.મી./કલાકની સ્ટીલ સ્પીડ ધરાવે છે.
- HTT-40નો ઉપયોગ બેઝિક ફ્લાઈટ ટ્રેનિંગ, એરોબેટિક્સ, ઈન્સ્ટ્રુમેન્ટ ફ્લાઈંગ અને ક્લોઝ ફોર્મેશન ફ્લાઈટ માટે કરવામાં આવશે.
- એરક્રાફ્ટ લેટેસ્ટ એવિઓનિક્સ, એર કન્ડિશન્ડ કેબિન અને ઈજેક્શન સીટોથી સજ્જ છે.

## S - 400 Triumf Missile System



S-400 ટ્રાયમ્ફની 5મી રેજિમેન્ટની ડિલિવરી 2023ના અંત સુધીમાં અથવા 2024ની શરૂઆતમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

- ત્રીજી રેજિમેન્ટની ડિલિવરી તાજેતરમાં પૂર્ણ થઈ છે.
- આ મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓ ભારત–રશિયા 5.43 બિલિયન અમેરિકન ડોલરના ભાગરૂપે આપવામાં આવી છે.

### S-400 મિસાઈલ સિસ્ટમ અંગે કરાર

ઓક્ટોબર 2018માં ભારત અને રશિયા વચ્ચે S-400 મિસાઈલ સિસ્ટમ અંગે કરાર થયો હતો.

- આ કરાર અંતર્ગત ભારત રશિયા પાસેથી 5.43 બિલિયન અમેરિકન ડોલર (આશરે રૂ.40,000 કરોડ)ના ખર્ચે પાંચ S-400 Triumf Surface-to-Air Missile સ્ક્વોડ્રન ખરીદશે.
- જેમાંથી ત્રીજી રેજિમેન્ટની ડિલિવરી તાજેતરમાં પૂર્ણ થઈ છે. તથા 5ની રેજિમેન્ટની ડિલિવરી 2023ના અંત સુધીમાં અથવા 2024ની શરૂઆતમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.
- ભારતની સુરક્ષા માટે આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ અગત્યની છે.
- આ અગાઉ ચીને પણ રશિયા પાસેથી આ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદી છે. આથી ચીન અને પાકિસ્તાન સામેના સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે ભારત માટે આ મિસાઈલ સિસ્ટમ ખૂબ જ મહત્ત્વની છે.
- દુશ્મન દેશોના મિસાઈલ હુમલાથી રક્ષણ કરવા માટે તથા દુશ્મન દેશ પર મિસાઈલથી હુમલો કરવા માટે એમ બંને હેતુ માટે આ એડવાન્સ મિસાઈલ સિસ્ટમ ખૂબ જ ઉપયોગી છે.
- જ્યારે કોઈ દુશ્મન દેશ મિસાઈલ છોડે ત્યારે આ મિસાઈલ સિસ્ટમ તેને ડિટેક્ટ પણ કરી શકે છે અને તોડી પણ શકે છે.

## S-400 મિસાઈલ સિસ્ટમની વિશેષતાઓ

S-400 મિસાઈલ સિસ્ટમનું નામ 'S-400 Triumf' છે.

- નાટો દેશોમાં તે 'SA-21 Growler' તરીકે ઓળખાય છે.
- અગાઉ તે 'S-300 PMU 3' તરીકે ઓળખાતી હતી.
- S-400 Triumf એ રશિયાની સૌથી આધુનિક Anti-Aircraft Weapon System છે.
- જમીન પરથી હવામાં પ્રહાર કરતી આ મિસાઈલ સિસ્ટમ દુશ્મનના ક્રૂઝ, એરક્રાફ્ટ અને બેલેસ્ટિક મિસાઈલો તોડી પાડવા સક્ષમ છે.
- તેની પ્રહાર ક્ષમતા 400 કિ.મી. સુધીની છે.
- S-400નું નિર્માણ 1999માં રશિયાના Almaz Design Bureau દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સિસ્ટમની ડિઝાઈનર કંપનીનું નામ Almaz-Antey છે.
- આ સિસ્ટમને 28 એપ્રિલ, 2007થી રશિયન સૈન્યમાં સામેલ કરવામાં આવી હતી.

## ભારત અને રશિયાના આંતરરાષ્ટ્રીય સંબંધો તથા આ ડીલની ભારત-અમેરિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો પર અસર

ભારતની આઝાદી બાદ કોલ્ડવોરના સમયથી ભારત અને રશિયા વચ્ચેના સંબંધો ખૂબ જ સારા રહ્યા છે.

- પરંપરાગત રીતે મુખ્ય પાંચ બાબતોમાં ભારત અને રશિયા વ્યૂહાત્મક ભાગીદાર છે. આ પાંચ ઘટકોમાં પોલિટીક્સ, સંરક્ષણ, નાગરિક અણુ ઊર્જા, આતંકવાદ વિરોધી સહકાર અને અવકાશનો સમાવેશ થાય છે.
- થોડા સમય પહેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રશિયાને 'ભારતનો વિશેષાધિકાર ધરાવતો વ્યૂહાત્મક ભાગીદાર દેશ' ગણાવ્યો હતો.
- ભારત અને રશિયા વચ્ચેની મિત્રતા પ્રગાઢ અને સુદૃઢ છે.
- જ્યારે બીજી બાજુ અમેરિકા અને રશિયા એકબીજાના દુશ્મન દેશો છે.
- રશિયાના અર્થતંત્રમાં સંરક્ષણ ઉદ્યોગનો હિસ્સો ખૂબ જ મોટો છે.
- સમગ્ર વિશ્વમાં શસ્ત્રોની નિકાસમાં રશિયા અમેરિકા બાદ બીજા ક્રમે છે.
- આથી, અમેરિકાએ રશિયાની શસ્ત્રોની નિકાસ ઘટાડવા માટે વિશ્વના ભારત સહિતના દેશોને રશિયા પાસેથી શસ્ત્રો ન ખરીદવા માટે ચેતવણી આપી હતી.
- આમ છતાં ભારતે રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે કરાર કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ ઉપરાંત આ અગાઉ અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધ મૂકીને ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરવા ભારત સહિત વિશ્વના દેશોને ધમકી આપી હતી.
- આમ છતાં ભારતે ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો કરાર કર્યો હતો અને ભારતે અમેરિકન ડોલરને બદલે રૂપિયામાં પેમેન્ટ કરવાની દિશામાં પણ પગલું લીધું હતું.
- ભારત સરકારનો આ નિર્ણય <u>વિશ્વ રાજકરણમાં ભારતની વધતી તાકાતનો પરિચય</u> છે.
- વર્તમાન સમયે ભારત શસ્ત્રોની સૌથી વધુ આયાત રશિયા પાસેથી જ કરે છે.
- રશિયા બાદ અમેરિકા બીજા ક્રમે છે.
- પોતાની સંરક્ષણ જરૂરિયાતો પૂરી કરવા વર્તમાન સમયે ભારત માટે રશિયાની S-400 ડિફેન્સ સિસ્ટમ ખરીદવી ફક્ત આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય પણ છે.
- બીજી બાજુ અમેરિકા ભારતનો મિત્ર દેશ છે.
- એશિયા અને સમગ્ર વિશ્વમાં ચીનની વધતી જતી તાકાતનો સામનો કરવા માટે ભારત સિવાય બીજો કોઈ શ્રેષ્ઠ વિકલ્પ નથી.




1. તાજેતરમાં ઈરાની કપ 2022-23નું આયોજન થયું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તે BCCI દ્વારા આયોજિત ભારતની પ્રથમ વર્ગની ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
   2. તે FIH દ્વારા આયોજિત હોકી ટુર્નામેન્ટ છે.
   3. ઈરાની કપ 2022-23માં રેસ્ટ ઓફ ઈન્ડિયાએ મધ્યપ્રદેશને હરાવીને આ ટ્રોફી જીતી છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3 **(C)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'HTT-40' શું છે ?

   (A) ટ્રેનર એરક્રાફ્ટ (B) ટેન્ક (C) મિસાઈલ (D) અત્યાધુનિક ગન **(A)**

3. ઓક્ટોબર 2018માં ભારત અને રશિયા વચ્ચે કઈ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે કરાર થયા હતા ?

   (A) S-400 Triumf (B) S-400 Air (C) S-400 Trumpt (D) S-400 Traind **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ S-400 શું છે ?

   (A) Aircraft (B) Missile
   (C) Anti-aircraft weapon system (D) એકપણ નહીં **(C)**

5. S-400ની પ્રહાર ક્ષમતા કયા પ્રકારની છે ?

   (A) Surface to Surface (જમીન થી જમીન) (B) Surface to Air (જમીન થી હવા)
   (C) Air to Air (હવા થી હવા) (D) Air to Surface (હવા થી જમીન) **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 07 માર્ચ, જન ઔષધિ દિવસ




ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 7 માર્ચના રોજ સમગ્ર દેશમાં 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી જેનરિક દવાઓના ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત 7 માર્ચ, 2019ના રોજ પ્રથમ 'જન ઔષધિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ફાર્માસ્યુટિકલ વિભાગના નેજા હેઠળ 'ફાર્માસ્યુટિકલ એન્ડ મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (PMBI) દ્વારા ચોથા જન ઔષધિ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે 75 સ્થળોએ અનેક કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7મું આંતરરાષ્ટ્રીય ધર્મ ધમ્મ સંમેલન




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા 7મું 'આંતરરાષ્ટ્રીય ધર્મ ધમ્મ સંમેલન' (International Dharma Dhamma Conference)નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન 3 થી 5 માર્ચ 2023 દરમિયાન ભોપાલના કુશાભાઉ ઠાકરે ઈન્ટરનેશનલ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.
- સાંચી યુનિવર્સિટી ઓફ બૌદ્ધ – ઈન્ડિક સ્ટડીઝ અને ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ત્રણ દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

- તેનું મુખ્ય ધ્યાન નવા યુગમાં માનવતાવાદના સિદ્ધાંતો છે. એટલે કે 'નવા યુગ માટે પૂર્વીય માનવતાવાદ'ની થીમ પર આધારિત છે.
- તે ધર્મ ધમ્મ પર વિશ્વના મંતવ્યો માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- આ કોન્ફરન્સમાં 15 દેશો (ભૂટાન, મંગોલિયા, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, વિયેતનામ, નેપાળ, દક્ષિણ કોરિયા, મોરેશિયસ, રશિયા, સ્પેન, ફ્રાન્સ, યુએસ અને યુકે)ના 350થી વધુ વિદ્વાનોએ ભાગ લીધો હતો.

### ધમ્મ ધર્મનો અર્થ શું છે ?

ધમ્મ ધર્મનો અર્થ ભગવાન બુદ્ધના ઉપદેશો. ધમ્મ ધર્મ લોકોને તેમના જીવનને સમજવામાં માર્ગદર્શન આપે છે. ધમ્મ ધર્મ લોકોને જ્ઞાન તરફ દોરી જાય છે.

### પૂર્વીય માનવતાવાદ શું છે ?

પૂર્વીય માનવતાવાદ મુખ્યત્વે કન્ફ્યુશિયનિઝમ અને બૌદ્ધવાદ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે માનવ જીવનને ઉચ્ચ મૂલ્ય આપે છે.

- પૂર્વીય માનવતાવાદ શિક્ષણને ખૂબ મહત્વ આપે છે.
- પૂર્વીય માનવતાવાદ એટલે કે કન્ફ્યુશિયસ અને ભગવાન બુદ્ધના અનુયાયી અનુસાર વ્યક્તિ શિક્ષણ દ્વારા મહાન બની શકે છે.
- તે તાઓવાદ પર પણ આધારિત છે. તાઓવાદ એ ચીની પરંપરાઓ અને ધર્મોનો સમૂહ છે. તેનો હેતુ સ્વ, બ્રહ્માંડ અને સમાજની સુમેળ છે.
- પૂર્વીય માનવતાવાદ મુખ્ય આદર્શો આદર, જીવનમાં નવી વસ્તુઓ શીખવાનો ઉત્સાહ, દયા અને સમજદારી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એકેડેમિક ફ્રીડમ ઈન્ડેક્સ રિપોર્ટ

તાજેતરમાં એકેડેમિક ફ્રીડમ ઈન્ડેક્સ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

- તે ગ્લોબલ પબ્લિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગ્લોબલ ટાઈમ–સિરીઝ ડેટાસેટ (1900-2019)ના ભાગરૂપે ફ્રેડરિક–એલેક્ઝાન્ડર યુનિવર્સિટી એર્લાંગેન–નર્નબર્ગ, રિસ્ક પરના તજજ્ઞો અને V-DEM સંસ્થાના નજીકના સહયોગથી પ્રકાશિત કરવામાં આવ્યો છે.
- એકેડેમિક ફ્રીડમ ઈન્ડેક્સ રિપોર્ટ 179 દેશોમાં શિક્ષણ અને સંશોધનની સ્વતંત્રતા, શૈક્ષણિક વિનિમય અને પ્રસાર, યુનિવર્સિટીની સ્વાયત્તતા, કેમ્પસ અખંડિતતા અને શૈક્ષણિક તથા સાંસ્કૃતિક અભિવ્યક્તિ સહિત પાંચ સૂચકાંકોનું વિશ્લેષણ કરીને શૈક્ષણિક સ્વતંત્રતાનું મૂલ્યાંકન કરે છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

### વૈશ્વિક

આ અહેવાલે ભારત, ચીન, યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકો સહિત 22 દેશોની ઓળખ કરી હતી, જ્યાં યુનિવર્સિટીઓ અને વિદ્વાનોને દસ વર્ષ પહેલાની સરખામણીમાં નોંધપાત્ર રીતે ઓછી શૈક્ષણિક સ્વતંત્રતા છે.

- વૈશ્વિક વસતીના 0.7%નું પ્રતિનિધિત્વ કરનાર માત્ર પાંચ નાના દેશો (ગેમ્બિયા, ઉઝબેકિસ્તાન, સેશેલ્સ, મોન્ટેનેગ્રો અને કઝાકિસ્તાન)એ પોતાની રેન્કિંગમાં સુધારો કર્યો છે.
- બાકીના 152 દેશોમાં શૈક્ષણિક સ્વતંત્રતા સ્થિર રહી છે.
- સરેરાશ વૈશ્વિક નાગરિક માટે શૈક્ષણિક સ્વતંત્રતા ચાર દાયકા પહેલા જોવા મળતી સમાન સ્તરે પાછી આવી છે.
- યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકો, તેમજ ચીન અને ભારત જેવા દેશોએ છેલ્લા એક દાયકામાં શૈક્ષણિક સ્વતંત્રતામાં ઘટાડો નોંધાવ્યો છે.

### ભારતીય પરીદશ્ય

ભારતની શૈક્ષણિક સ્વતંત્રતા 179 દેશોમાંથી નીચેના 30% દેશોમાં છે.

- આ રિપોર્ટ અનુસાર ભારતે 0 (નીચા) થી 1 (ઉચ્ચ)ના સ્કેલ પર 0.38 સ્કોર કર્યો છે.
- જે પાકિસ્તાનના 0.43 અને યુએસના 0.79 સ્કોર કરતા ઓછો છે.
- ભારતે કેમ્પસ અખંડિતતામાં નીચે સ્કોર મેળવ્યો છે, જે માપે છે કે કેવી રીતે કેમ્પસ રાજકીય રીતે પ્રેરિત દેખરેખ અથવા સુરક્ષા ભંગથી છે.
- સંસ્થાકીય સ્વાયત્તતા અને રાજકીય મુદ્દાઓથી સંબંધિત શૈક્ષણિક અને સાંસ્કૃતિક અભિવ્યક્તિમાં પણ ભારતે સારૂ પ્રદર્શન કર્યુ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Indian States Energy Transition Report

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર એનર્જી ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્સિયલ એનાલિસિસ (IEEFA) અને EMBER દ્વારા 'ઈન્ડિયન સ્ટેટ્સ એનર્જી ટ્રાન્ઝિશન' રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે.



- આ રિપોર્ટમાં 16 રાજ્યોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.
- જે ભારતની વાર્ષિક વીજળીની જરૂરિયાતમાં 90 ટકા હિસ્સો ધરાવે છે.

અને કામગીરી માપવા માટે સ્ટેટ્સ ઈલેક્ટ્રિસિટી ટ્રાન્ઝિશન (SET) નામની સ્કોરિંગ સિસ્ટમ તૈયાર કરી છે.

- આ રિપોર્ટ 4 પરિમાણોને ટ્રેક કરે છે જે નીચે મુજબ છે :

(1) ડીકાર્બોનાઈઝેશન

(2) પાવર સિસ્ટમ પર્ફોમન્સ

(3) પાવર ઈકોસિસ્ટમ સજ્જતા

(4) નીતિઓ અને રાજકીય પ્રતિબદ્ધતા

## રિપોર્ટના મુખ્ય તારણો

આ રિપોર્ટ મુજબ કર્ણાટક અને ગુજરાત સ્વચ્છ વીજળીમાં ભારતના સંક્રમણમાં અગ્રેસર છે.

- કર્ણાટક એકમાત્ર રાજ્ય છે જેણે સ્વચ્છ ઊર્જા સંક્રમણના ચારેય પરિમાણોમાં સારો દેખાવ કર્યો છે.
- અને ઓપન એક્સેસ, સોલાર પાર્ક ડેવલપમેન્ટ અને જનજાગૃતિ માટે સક્રિય નીતિઓ ધરાવે છે.
- ગુજરાત તેના વીજળી ક્ષેત્રને ડીકાર્બોનાઈઝ કરવામાં કર્ણાટકથી પાછળ છે.
- પંજાબ અને હરિયાણા જેવા અન્ય રાજ્યો પણ સત્તા પરિવર્તનમાં મોટા પગલાં લઈ રહ્યા છે.



**1.** ભારત સરકાર દ્વારા 'જન ઔષધિ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 માર્ચ (B) 6 માર્ચ (C) 7 માર્ચ (D) 8 માર્ચ **(C)**

**2.** તાજેતરમાં 7મું 'આંતરરાષ્ટ્રીય ધર્મ ધમ્મ સંમેલન' (International Dharma Dhamma Conference)નું આયોજન ક્યાં થયું હતું ?

(A) કુશાભાઉ ઠાકરે ઈન્ટરનેશનલ ઓડિટોરિયમ, ભોપાલ

(B) કુશાભાઉ ઠાકરે ઈન્ટરનેશનલ ઓડિટોરિયમ, દિલ્હી

(C) કુશાભાઉ ઠાકરે ઈન્ટરનેશનલ ઓડિટોરિયમ, નાગપુર

(D) કુશાભાઉ ઠાકરે ઈન્ટરનેશનલ ઓડિટોરિયમ, પ્રયાગરાજ **(A)**

**3.** તાજેતરમાં 'એકેડેમિક ફ્રીડમ ઈન્ડેક્સ રિપોર્ટ' બહાર પાડવામાં આવ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ અનુસાર ભારતની શૈક્ષણિક સ્વતંત્રતા 179 દેશોમાંથી નીચેના 30% દેશોમાં છે.

(B) આ રિપોર્ટ અનુસાર ભારતે 0 (નીચા) થી 1 (ઉચ્ચ)ના સ્કેલ પર 0.38નો સ્કોર કર્યો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

**4.** 'Indian States Energy Transition Report' અનુસાર કયા બે રાજ્યોએ સ્વચ્છ વીજળી સંક્રમણમાં સૌથી વધુ પ્રગતિ કરી છે ?

(A) કર્ણાટક – ઓડિશા (B) કર્ણાટક – ગુજરાત

(C) મધ્યપ્રદેશ – રાજસ્થાન (D) મધ્યપ્રદેશ – પંજાબ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન (International Women's Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- મહિલા અધિકારોના આંદોલનની યાદ અપાવવા માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય ઉદ્દેશ વિશ્વની અડધી જન સંખ્યા એટલે કે નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા માટે સૌપ્રથમ સૂચન 1910માં ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વુમન કોન્ફરન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- રશિયામાં 1917માં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ રશિયામાં 8 માર્ચ રાષ્ટ્રીય રજા બની હતી.
- સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) દ્વારા 1975માં 8 માર્ચનો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો હતો.
- એ અગાઉ વિવિધ સમાજવાદી આંદોલનો અને સમાજવાદી દેશો દ્વારા 8 માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી થતી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વર્ષ 2023ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2023ની આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ '**DigitAll : Innovation and Technology for Gender Equality**' છે.

## હર પેમેન્ટ ડિજિટલ મિશન



ભારતીય રિઝર્વ બેંક (RBI)એ દરેક ભારતીયને ડિજિટલ પેમેન્ટનો ઉપયોગકર્તા બનાવવાના પ્રયાસોના ભાગરૂપે 'હર પેમેન્ટ ડિજિટલ' નામનું નવું મિશન શરૂ કર્યુ છે.

- આ પહેલ ડિજિટલ પેમેન્ટ્સ અવેરનેસ વીક દરમિયાન શરૂ કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## હર પેમેન્ટ ડિજિટલ મિશન

હર પેમેન્ટ ડિજિટલ મિશનનો ઉદ્દેશ ડિજિટલ પેમેન્ટની સરળતા અને સગવડને મજબૂત બનાવવાનો છે, તથા નવા વપરાશકર્તાઓને પણ ઓનબોર્ડિંગ કરવાનો છે.

- આ ઉપરાંત સેન્ટ્રલ બેંકે 75 ગામોને દત્તક લેવા અને તેમને ડિજિટલ પેમેન્ટ–સક્ષમ ગામોમાં પરિવર્તિત કરવાની પહેલ શરૂ કરી છે.
- આ ગામો પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો દ્વારા દત્તક લેવાના છે.
- પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર (PSO) એ પેમેન્ટ સિસ્ટમ સેટ કરવા અને ચલાવવા માટે RBI દ્વારા અધિકૃત એક એન્ટિટી છે.

## મહત્વ

RBI દ્વારા હર પેમેન્ટ ડિજિટલ અભિયાનનો ઉદ્દેશ્ય ડિજિટલ ચૂકવણીની સરળતા અને સુવિધાને પ્રોત્સાહન આપવાનો અને નવા ગ્રાહકોને ડિજિટલ ક્ષેત્રમાં લાવવાની સુવિધા આપે છે.

- બેંકો અને નોન–બેંક પેમેન્ટ સિસ્ટમ ઓપરેટરો દ્વારા વિવિધ ડિજિટલ પેમેન્ટ ચેનલો આ યોજના હેઠળ પ્રકાશિત કરવામાં આવી છે.
- તેનાથી ડિજિટલ પેમેન્ટ અપનાવવાને પ્રોત્સાહન મળશે.

## હર પેમેન્ટ ડિજિટલ મિશનની શું જરૂર છે ?

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરાયેલા સર્વે મુજબ માત્ર 42% ભારતીયો જ ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ કરી રહ્યા છે.

- 35% લોકો ડિજિટલ પેમેન્ટથી વાકેફ છે પરંતુ તેનો ઉપયોગ કરતા નથી.
- જ્યારે 23% ભારતીય નાગરિકો ડિજિટલ પેમેન્ટ સિસ્ટમથી પણ વાકેફ નથી ! જો તેમને સખત ઝુંબેશ દ્વારા શિખવવામાં આવે તો પણ નિરક્ષરતા અને અસલામતી અડચણો બની જાય છે.
- તેમ છતાં આ 23% વસતીના સાક્ષરોને મિશન દ્વારા આવરી લેવામાં આવી શકે છે.
- ઉપરાંત તેમને ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ કરવાના ફાયદા સમજાવવા અને તેનાથી લાભ મેળવનારા લોકોના ઉદાહરણો બતાવીને અસુરક્ષાની સમસ્યાઓનો હલ કરી શકે છે.
- ભારતે વિઝન 2025ને 'E-Payments For Everywhere, and every time' તરીકે સેટ કર્યુ છે. આ યોજના 2025 સુધીમાં 100% ડિજિટલ ચુકવણી હાસલ કરવાની છે.
- RBIનું મિશન ભારતને આ લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેઘા-ટ્રોપિક્સ-1 સેટેલાઈટ (MT-1)



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તાજેતરમાં ડિકમિશન કરાયેલ મેઘા–ટ્રોપિક્સ–1 (MT-1) સેટેલાઈટનું નિયંત્રિત પુનઃપ્રવેશ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

- 5°S અને 14°S અક્ષાંશ અને 119°W અને 100°W રેખાંશ વચ્ચે પેસિફિક મહાસાગરની મધ્યમાં એક નિર્જન પ્રદેશને MT-1ના ઈચ્છિત પુનઃપ્રવેશ વિસ્તાર તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

### નિયંત્રિત પુનઃપ્રવેશ શું છે ?

નિયંત્રિત પુનઃપ્રવેશ માટે લક્ષ્ય સુરક્ષિત ઝોનની અંદર અસરની ખાતરી કરવા માટે ખૂબ જ ઓછી ઊંચાઈ પર ડી–ઓર્બિટીંગની જરૂર હોય છે.

- સામાન્ય રીતે મોટા ઉપગ્રહો અથવા રોકેટ બોડી કે જે પુનઃપ્રવેશ પર એરો–થર્મલ ફ્રેગમેન્ટેશનથી બચી શકે તેવી શક્યતા છે તેઓ જમીન અકસ્માતના જોખમને મર્યાદિત કરવા માટે નિયંત્રિત પુનઃપ્રવેશમાંથી પસાર થાય છે.
- જોકે આવા તમામ ઉપગ્રહો ખાસ કરીને તેમના જીવનના અંતે નિયંત્રિત પુનઃપ્રવેશ પ્રક્રિયામાંથી પસાર થવા માટે રચાયેલ છે.
- આ ઉપગ્રહનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો હોવાથી પ્રશાંત મહાસાગરમાં(પેસિફિક) પાડવાનો નિર્ણય કર્યો હતો.

નોંધ : એરો–થર્મલ ફ્રેગમેન્ટેશન એ એવી પ્રક્રિયા છે જેમાં પૃથ્વીના વાતાવરણમાં ખૂબ જ ઝડપે મુસાફરી કરતી વસ્તુ ભારે ગરમી અને દબાણનો અનુભવ કરે છે, જેના કારણે તે તૂટી જાય છે. અથવા ટુકડા થઈ જાય છે.

### MT-1 સેટેલાઈટ

તે ઈન્ડો–ફ્રેન્ચ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે, જે ઉષ્ણકટિબંધીય હવામાન અને આબોહવાનો અભ્યાસ કરવા માટે ઓક્ટોબર 2011માં લોન્ચ કરવામાં આવ્યો હતો.

- આ મિશનનો મુખ્ય ઉદ્દેશ ઉષ્ણકટિબંધીય હવામાન અને આબોહવાને પ્રભાવિત કરતી સંવહન પ્રણાલીઓના જીવન ચક્રને સમજવાનો છે. અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં વાતાવરણની ઊર્જા અને ભેજના બજેટમાં તેમની ભૂમિકાને સમજવામાં મદદ કરવાનો છે.
- તેની ગોળાકાર ભ્રમણકક્ષા વિષુવવૃત્ત તરફ 20 અંશ તરફ વળેલી છે.
- તે આબોહવા સંશોધન માટે એક પ્રકારનો ઉપગ્રહ છે જેણે વૈજ્ઞાનિકોને આગાહી મોડલ્સને રિફાઈન કરવામાં મદદ કરી છે.

**1.** 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 માર્ચ (B) 7 માર્ચ (C) 8 માર્ચ (D) 9 માર્ચ **(C)**

**2.** વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની થીમ શું છે ?

(A) I am Generation Equality : Realizing Women's Freedoms

(B) I am Generation Equality : Realizing Women's Right

(C) Gender Equality today for Sustainable tomorrow

(D) Digitall : Innovation and technology for gender Equality **(D)**

**3.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હર પેમેન્ટ ડિજિટલ મિશન' વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

(A) આ મિશન RBI દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

(B) આ મિશનનો ઉદ્દેશ ડિજિટલ પેમેન્ટની સરળતા અને સગવડને વધુ મજબૂત બનાવવાનો છે.

(C) આ ઉપરાંત સેન્ટ્રલ બેંકે 75 ગામોને દત્તક લેવા અને તેમને ડિજિટલ પેમેન્ટ સક્ષમ ગામોમાં પરિવર્તિત કરવાની પહેલ પણ શરૂ કરી છે.

(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

**4.** તાજેતરમાં ISROએ ડિકમિશન કરાયેલ 'MT-1 સેટેલાઈટ'નું નિયંત્રિત પુનઃપ્રવેશ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ હતું. આ MT-1નું પૂરું નામ જણાવો ?

(A) Megha - Tropiques (B) Mahasagar - Tropiques

(C) Main - Tropiques (D) Maharaj - Tropiques **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હોળી (ફાગણ માસની પૂનમ)

હિન્દુ પંચાંગ મુજબ હોળી ફાગણ માસની પૂનમે ઉજવવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2023માં 6 માર્ચના રોજ સમગ્ર ભારતમાં હોળીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.
- પરંપરા મુજબ હોળી 2 દિવસ મનાવવામાં આવે છે. આગલા દિવસે હોલિકા દહન હોય છે અને બીજા દિવસે ધૂળેટી હોય છે.
- જેમાં લોકો એક બીજાને રંગ ઉડાડીને ધૂળેટી ઉજવે છે.
- હોળીના તહેવાર સાથે 2 પરંપરાગત પૌરાણિક કથા જોડાયેલી છે : 'હિરણ કશ્યપ અને પ્રહલ્લાદની વાર્તા' તેમજ રાધા–કૃષ્ણનો રાસ.
- ફાગણ માસ દરમિયાન શિશિર અને વસંતઋતુનું મિલન થાય છે.
- હોળીને પ્રાચીન સમયના 'નવન્નેષ્ટિ' યજ્ઞનું સ્વરૂપ જ માનવામાં આવે છે.
- 'નવન્નેષ્ટિ' યજ્ઞમાં શેકેલ અનાજની આહુતિ આપવામાં આવે છે. શેકેલ અનાજને સંસ્કૃતિમાં હોલક શબ્દથી ઓળખવામાં આવે છે. અને હિન્દીમાં હોલી કહેવાય છે.
- અનુભવી વ્યક્તિઓ હોળીના દિવસે વરસાદના મુહૂર્ત કાઢે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ગુજરાતમાં હોળી વિશે કેટલીક પરંપરા

ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હોળીને 'હુતાસણી' (ગ્રામ્ય ભાષામાં ઉતાણી પણ કહે છે)થી પણ ઓળખવામાં આવે છે.

- હોળીના બીજા દિવસ ધૂળેટીને 'પડવો' કહેવામાં આવે છે. અમુક વિસ્તારોમાં હોળી પછીના બે કે ત્રણ દિવસ આ તહેવાર ઉજવાય છે, જેને 'બીજો પડવો' અને 'ત્રીજો પડવો' એમ ગણવામાં આવે છે.
- આ દિવસોમાં પુરુષો દ્વારા દાંડિયા રાસ રમવાનો રિવાજ પણ છે, ખાસ કરીને પોરબંદર વિસ્તારમાં છે.
- ઘણા આદિવાસી વિસ્તારોમાં હોળી પ્રગટાવ્યા પછી તેની આસપાસ પારંપારિક નૃત્ય કરવામાં આવે છે.
- યુવાનો દ્વારા આ દિવસોમાં શૌર્યપૂર્ણ રમતો રમવામાં અને વિવિધ પારંપારિક હરીફાઈ યોજવામાં આવે છે.
- જેમ કે ઘોડા દોડ, આંધળો પાટો, શ્રીફળ ફેંકવાની હરીફાઈ વગેરે.
- તેમજ સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂત સમાજના લોકો હોળીના દિવસે 'આંબલી કાઢવાની રમત' રમે છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં ગામને પાદર આવેલા પૂર્વજોના પાળિયાઓનું પૂજન અર્ચન પણ કરવામાં આવે છે.

- ઘણા વિસ્તારોમાં હોળીના બીજા દિવસે બાળકો અને યુવાનો હોળીની રાખ શરીર પર લગાડીને ગામના તમામ વિસ્તારોમાં ફરે છે અને ફાળો (ગોઠ) ઉઘરાવે છે, આ લોકોને ‘ઘેરૈયા’ તરીકે ઓળખવામાં આવે છે.
- હોળીના દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો બાળકને શણગારીને હોળીની પ્રદક્ષિણા કરાવે છે, તથા ગામલોકોને પતાસા તથા ખજૂર વગેરેની ‘લાણ’ વહેંચે છે, આ પ્રસંગને દિકરાની ‘વાડ’ કહેવામાં આવે છે.
- હોળીના દિવસે હોળી પ્રગટાવ્યા પછી મોડી રાત્રી સુધી હોળીની આસપાસ બેસી અને ગીતો કે દુહાઓ ગાવામાં આવે છે તેને ‘હોળીના ફાગ’ તરીકે ઓળખવામાં આવે છે, આ પરંપરા વર્તમાન પણ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ છે.
- વિસનગરમાં ધુળેટીના પર્વે પરંપરાગત ખાસડા યુદ્ધની ઉજવણી કરવામાં આવે છે, જેમાં તમામ જ્ઞાતિના લોકો ખજૂર ભરેલો ઘડો મેળવવા એકબીજાની સામે ખાસડા ફેંકી પરંપરાગત ઉજવણી કરે છે.
- ગુજરાતના ઘણા ગામોમાં હોલિકા દહન બાદ અંગારામાં ચાલવાની વર્ષો જૂની પરંપરા છે.
- જેમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું સરસ ગામ તથા ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાનું દેવળી (દેદાબાપાની દેવળી) ગામ પ્રસિદ્ધ છે.
- આ ઉપરાંત ગાંધીનગરના પાલજ ગામમાં પણ અંગારા ઉપર ચાલવાની પરંપરા છે.
- આ તમામ ગામોમાં પાંચ વર્ષના બાળકથી લઈ અને સાઈઠ વર્ષ સુધીના લોકો ઉઘાડા પગે અંગારા પર ચાલે છે.



## ભારતના વિવિધ રાજ્યોમાં હોળીના જુદા જુદા નામ

| ક્રમ | રાજ્ય | હોળી કયા નામથી ઓળખાય ? |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | લઠ્ઠમાર હોળી |
| 2 | પંજાબ | હોલા–મહલ્લા |
| 3 | બિહાર | ફગુઆ/ફગવા |
| 4 | મહારાષ્ટ્ર | રંગ પંચમી |
| 5 | ઉત્તરાખંડ | ખાદી હોળી |
| 6 | મણિપુર | યોસંગ |
| 7 | પશ્ચિમ બંગાળ | બસંત ઉત્સવ અને ડોલજાત્રા |
| 8 | ગોવા | શિગ્મો |
| 9 | આસામ | ફકુવાહ અથવા દેઓલ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન (HUID) નંબર

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે તાજેતરમાં જાહેરાત કરી હતી કે ભારતમાં 1 એપ્રિલથી HUID નંબર વિના સોનાના આભૂષણો અને સોનાની કલાકૃતિઓના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.




- અગાઉ જૂની 4 અંકની હોલમાર્કવાળી જ્વેલરીના વેચાણની છૂટ હતી અને જ્વેલર્સ તેને 6-અંકની HUID ચિહ્નિત જ્વેલરી સાથે વેચી શકતા હતા.

### HUID શું છે ?

હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન (HUID) નંબર એ 6 અંકનો અનન્ય આલ્ફાન્યૂમેરિક કોડ છે.

- જેમાં સંખ્યાઓ અને અક્ષરોનો સમાવેશ થાય છે.
- ગ્રાહક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર હોલમાર્કિંગના સમયે દરેક સોનાના દાગીનાને HUID આપવામાં આવશે અને તે દરેક દાગીના માટે યુનિક/અલગ હશે.
- આ યુનિક અંકને હોલમાર્કિંગ સેન્ટરો પર સોનાના દાગીના પર મેન્યુઅલી રીતે અંકિત કરવામાં આવે છે.
- નંબર પર BIS પ્રમાણિત પરખ અને હોલમાર્કિંગ સેન્ટર પર સ્ટેમ્પ લગાવવામાં આવે છે. સમગ્ર દેશમાં હોલમાર્કિંગ કેન્દ્રો આવેલા છે.

## હોલમાર્કિંગ શું છે ?

કિમતી ધાતુઓની વસ્તુઓમાં કિંમતી ધાતુની પ્રમાણસર સામગ્રીનું ચોક્કસ નિર્ધારણ અને સત્તાવાર રેકોર્ડિંગ <u>હોલમાર્કિંગ</u> તરીકે ઓળખાય છે.

- જ્વેલરી માટે હોલમાર્કિંગ યોજના BIS દ્વારા <u>વર્ષ 2000</u>માં રજૂ કરવામાં આવી હતી.
- હાલમાં ભારતમાં હોલમાર્કિંગના કાર્યક્ષેત્રમાં સોના અને ચાંદી નામની બે કિંમતી ધાતુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જોકે <u>23 જૂન, 2021</u>થી દેશના 288 જિલ્લાઓમાં ગોલ્ડ જ્વેલરી અને ગોલ્ડ આર્ટિફેક્ટ્સ ઓર્ડર, 2022 મુજબ ફરજિયાત હોલ માર્કિંગ સફળતાપૂર્વક લાગુ કરવામાં આવ્યું છે.
- વર્ષ 2021માં 6 અંકના HUIDની રજૂઆત પછી હોલમાર્કમાં 3 પ્રતીકોનો સમાવેશ થાય છે, જેમ કે BIS લોગો, જ્વેલરીની શુદ્ધતા અને છ–અંકનો આલ્ફાન્યૂમેરિક HUID.
- ગ્રાહક BIS CARE એપમાં '<u>વેરિફાઈડ HUID</u>'નો ઉપયોગ કરીને HUID નંબર સાથે હોલમાર્કવાળી સોનાની જ્વેલરી તપાસી અને પ્રમાણિત કરી શકે છે.

**નોંધ :** (1) BISનું પૂરું નામ '<u>Bureau of Indian Standards</u>' છે.

(2) BIS એ 'BIS એક્ટ, 2016' અંતર્ગત સ્થાપિત ભારતની રાષ્ટ્રીય માનાંક સંસ્થા છે. તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.

(3) તે વસ્તુઓનું માનકીકરણ, ચિહ્નિત અને ગુણવત્તા પ્રમાણપત્ર જેવું પ્રવૃત્તિઓના સૂમેળપૂર્ણ વિકાસ માટે કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. હિન્દુ પંચાંગ મુજબ હોળી ............ માસની પૂનમે ઉજવવામાં આવે છે.

(A) ફાગણ (B) ચૈત્ર (C) વૈશાખ (D) આસો **(A)**

2. સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂતો હોળીના દિવસે કઈ રમત રમે છે ?

(A) આંબલી–પીપળી (B) તરણ સ્પર્ધા

(C) આંબલી કાઢવાની રમત (D) હળ દોડાવવાની રમત **(C)**

3. નીચેના વિધાન પર વિચાર કરો :

1. હોળીના દિવસે જેને ત્યાં ગત વર્ષમાં દિકરાનો જન્મ થયો હોય તે લોકો બાળકને શણગારીને હોળીની પ્રદક્ષિણા કરાવે છે. તથા ગામલોકોને પતાસા તથા ખજૂર વગેરેની 'લાણ' વહેંચે છે. આ પ્રસંગને દિકરાની 'વાડ' કહેવામાં આવે છે.
2. વિસનગરમાં ધુળેટીના પર્વે પરંપરાગત ખાસડા યુદ્ધની ઉજવણી કરવામાં આવે છે.
3. ગુજરાતના ઘણા ગામો જેમ કે ઓલપાડ તાલુકાનું સરસ ગામ અને કોડિનાર તાલુકાના દેવળી ગામમાં હોળી બાદ અંગાર પર ઉઘાડા પગે ચાલવાની પરંપરા છે.

ઉપરોક્ત વિધાનમાંથી કયું/કયા વિધાન સાચા છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન' (HUID) નંબર એ _____ અંકનો અનન્ય આલ્ફાન્યૂમેરિક કોડ છે.

(A) 2 (B) 6 (C) 10 (D) 12 **(B)**

## દિવસ મહિમા : 10 માર્ચ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળનો સ્થાપના દિવસ

## યુએન હાઈ સી સંધિ (UN Treaty of the High Seas)

તાજેતરમાં પ્રથમ વખત યુનાઈટેડ નેશન્સના સભ્યો રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની બહારના વિસ્તારોની દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ અને ટકાઉ ઉપયોગની ખાતરી કરવા માટે 'ઉચ્ચ સમુદ્ર સંધિ' અથવા 'હાઈ સી સંધિ' પર સંમત થયા હતા.

- અમેરિકાના ન્યુયોર્કમાં રાષ્ટ્રીય અધિકારક્ષેત્ર (BBNJ) બિયોન્ડ એરિયાઝની દરિયાઈ જૈવવિવિધતા પર આંતરસરકારી પરિષદ (IGC) દરમિયાન યુએનની આગેવાની હેઠળની વાટાઘાટો દરમિયાન તે સંમત થયા હતા.
- આ સંધિને હજુ ઔપચારિક રીતે અપનાવવામાં આવી નથી કારણ કે સભ્યોએ તેને બહાલી આપવાની બાકી છે.
- એકવાર અપનાવ્યા પછી આ સંધિ કાયદેસર રીતે બંધનકર્તા રહેશે.

### હાઈ સી શું છે ?

1958ના જિનીવા કન્વેન્શન ઓન ધ હાઈ સી મુજબ, સમુદ્રના તે ભાગો જે પ્રાદેશિક પાણી અથવા દેશના આંતરિક પાણીમાં સમાવિષ્ટ નથી તેને 'હાઈ સી' (High Sea) તરીકે ઓળખવામાં આવે છે.

- તે દેશના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (કિનારાથી 200 નોટિકલ માઈલ એટલે કે 370 કિમી સુધી વિસ્તરેલો વિસ્તાર)ની બહારનો વિસ્તાર છે, જ્યાં રાષ્ટ્રને જીવંત અને નિર્જીવ સંસાધનો પર અધિકાર છે.
- હાઈ સી અથવા ઉચ્ચ સમુદ્રમાં સંસાધનોના સંચાલન અને સંરક્ષણ માટે કોઈ દેશ જવાબદાર નથી.
- તે સમુદ્રી જીવનના સંરક્ષણનું સંચાલન કરવા ઉચ્ચ સમુદ્રો પર દરિયાઈ સંરક્ષિત વિસ્તારો સ્થાપિત કરવા માટે એક સંસ્થા બનાવશે.
- આ સંધિ મહાસાગરોમાં વ્યાપારી પ્રવૃત્તિઓ માટે પર્યાવરણીય પ્રભાવ મૂલ્યાંકન કરવા માટેના ગ્રાઉન્ડ નિયમોને પણ સ્થાપિત કરે છે.

### હાઈ સી સમુદ્રનું મહત્વ

હાઈ સી અથવા ઊંચા સમુદ્રો વિશ્વના 60%થી વધુ સમુદ્ર વિસ્તારને આવરી લે છે અને પૃથ્વીની સપાટીના લગભગ અડધા ભાગને આવરી લે છે, જે તેમને દરિયાઈ જીવનનું કેન્દ્ર બનાવે છે.

- તે લગભગ 2.7 લાખ જાણીતી પ્રજાતિઓ માટે રહેઠાણો છે, જેમાંથી ઘણી હજુ સુધી શોધવામાં આવી નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓ કાર્બનને અલગ કરીને, સૌર કિરણોત્સર્ગનો સંગ્રહ કરીને તથા સમગ્ર વિશ્વમાં ગરમીનું વિતરણ કરીને ગ્રહોની સ્થિરતામાં મૂળભૂત ભૂમિકા ભજવીને તથા આબોહવા પરિવર્તનની અસરો ઘટાડીને આબોહવાને નિયંત્રિત કરે છે.
- પૃથ્વીની સપાટીના 40%થી વધુ અને સમુદ્રના બે તૃતીયાંશ ભાગને આવરી લેતા સમુદ્રો વિના ભયંકર પ્રજાતિઓ અને રહેઠાણોનું વ્યાપક રક્ષણ શક્ય નથી.
- ડોલ્ફિન, વ્હેલ, દરિયાઈ કાચબા અને ઘણી માછલીઓ સહિતની અને દરિયાઈ પ્રજાતિઓ–રાષ્ટ્રીય સરહદો અને ઊંચા સમુદ્રો પાર કરીને લાંબા વાર્ષિક સ્થળાંતર કરે છે.
- આ ઉપરાંત મહાસાગરો સીફૂડ અને કાચો માલ, આનુવંશિક અને ઔષધિય સંસાધનો, હવા શુદ્ધિકરણ, આબોહવા નિયમન અને સૌંદર્યલક્ષી તથા સાંસ્કૃતિક સેવાઓ સહિત સંસાધનો અને સેવાઓના સ્ત્રોત છે.

### હાઈ સી સંધિમાં શું છે ?

- તેમાં 2030 સુધીમાં વિશ્વના 30% આંતરરાષ્ટ્રીય પાણીને સંરક્ષિત વિસ્તારો (MPA)માં મૂકવાનો કરાર છે.
- કરારના ભાગ રૂપે એક વિશેષ ભંડોળની સ્થાપના કરવામાં આવશે, જે COP દ્વારા નક્કી કરવામાં આવશે. આ ઉપરાંત COP સંધિની કામગીરી પર પણ દેખરેખ રાખશે.
- સભ્યોએ સંધિના ભાગરૂપે સ્થાપિત ક્લિયરિંગ–હાઉસ મિકેનિઝમ (CHM) પ્રદાન કરવું પડશે, જેમાં સંશોધનનો ઉદ્દેશ્ય, સંગ્રહનો ભૌગોલિક વિસ્તાર, પ્રાયોજકના નામ વગેરે જેવી વિગતો છે.
- સહિકર્તાઓએ દરિયાઈ સંસાધનોનું શોષણ કરતા પહેલા પર્યાવરણીય અસરનું મૂલ્યાંકન કરવું જોઈએ.
- આયોજિત પ્રવૃત્તિ, સભ્યોએ સ્ક્રીનીંગ સ્કોપિંગ, અસરગ્રસ્ત દરિયાઈ વાતાવરણનું મૂલ્યાંકન, નિવારણની ઓળખ અને સંભવિત નકારત્મક અસરોનું સંચાલન કરવાની જરૂર રહેશે.
- આ સંધિ અંતર્ગત માર્ગદર્શિકા તૈયાર કરવા માટે એક્સેસ અને બેનિફિટ–શેરિંગ કમિટીની રચના કરશે.

## બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતીય નૌકાદળે બ્રહ્મોસ મિસાઈલના જહાજથી લોન્ચ કરાયેલા સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- સ્વદેશી શોધક અને બૂસ્ટરનો ઉપયોગ કરીને અરબી સમુદ્રમાં મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે એપ્રિલ 2022માં આંદામાન અને નિકોબાર કમાન્ડ અને નૌકાદળ દ્વારા સંયુક્ત રીતે તેના એન્ટિ–શિપ વેરિએન્ટનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## એડવાન્સ વેરિએન્ટ વિશે

બ્રહ્મોસ મિસાઈલને શરૂઆતમાં 290 કિ.મી.ની રેન્જ સાથે વિકસાવવામાં આવી હતી.

- મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રેજીમ (MTCR)ના આદેશ મુજબ મિસાઈલની રેન્જ મૂળ 290 કિ.મી. હતી.
- જોકે જૂન 2016માં MTCRમાં ભારતના પ્રવેશ પછી તેની રેન્જ લગભગ 450 કિ.મી.ની હતી અને ભવિષ્યમાં તેને 600 કિ.મી. સુધી વધારવાની યોજના છે.

## બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે.
- તે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટ્સ'ના સિદ્ધાંત પર કામ કરે છે. એટલે કે તેને લોન્ચ કર્યા પછી માર્ગદર્શનની જરૂર નથી.
- તે બે તબક્કાવાળી (પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ) મિસાઈલ છે.
- બ્રહ્મોસ મિસાઈલ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી એક છે.
- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના NPO Mashinostroeyenia અને ભારતના DRDO વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.



- બ્રહ્મોસ મિસાઈલ હાલમાં મેક 2.8ની ઝડપે કામ કરે છે, જે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.

## MTCR વિશે

MTCRનું પૂરું નામ 'Missile Technology Control Regime' છે.

- મિસાઈલ અને માનવ રહિત હવાઈ વાહન ટેકનોલોજીના ફેલાવાને રોકવા માટે 35 દેશો વચ્ચે આ એક અનૌપચારિક અને સ્વૈચ્છિક ભાગીદારી છે, જે 300 કિ.મી.ની રેન્જમાં 500 કિગ્રાથી વધુ પેલોડ વહન કરવામાં સક્ષમ છે.
- આમ સભ્યોને આવી મિસાઈલો અને UAV સિસ્ટમ સપ્લાય કરવાથી અટકાવવામાં આવે છે. જે બિન–સભ્યો માટે MTCR દ્વારા નિયંત્રિત છે.

- તમામ સભ્યોની સંમતિથી નિર્ણયો લેવામાં આવે છે.
- MTCR સભ્યો દેશોનું બિન–સંધિ સંગઠન છે.
- તેની સ્થાપના એપ્રિલ 1987માં G7 દેશો – યુ.એસ, યુકે, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટાલી અને જાપાન દ્વારા કરવામાં આવી હતી.
- તે કાયદેસર રીતે બંધનકર્તા નથી તેથી શાસનની માર્ગદર્શિકાનું પાલન ન કરવા સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.
- વર્ષ 2016માં ભારત MTCRના 35માં સભ્ય તરીકે જોડાયું હતું.

## નશા મુક્ત ભારત અભિયાન

તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને બ્રહ્મા કુમારીઓએ નશા મુક્ત ભારત અભિયાન (NMBA)ને વધુ અસરકારક અને વ્યાપક બનાવવા માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા.

- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો મુખ્ય કાર્યક્રમ 'નશા મુક્ત ભારત અભિયાન' (NMBA)નો ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, યુનિવર્સિટી કેમ્પસ, શાળાઓ અને સામુદાયિક જોડાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ભારતના યુવાનોમાં માદક દ્રવ્યોના દુરુપયોગ વિશે જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2020માં શરૂ કરાયેલ આ કાર્યક્રમ 272 સૌથી સંવેદનશીલ જિલ્લાઓના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવ્યો હતો.



- તે હવે 9.50 કરોડથી વધુ લોકો સુધી પહોંચ્યું છે.
- જેમાં 372 જિલ્લાઓમાં 3.10 કરોડ યુવાનો અને દેશભરની 3 લાખથી વધુ શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- આ કાર્યક્રમ માદક દ્રવ્યોના દુરુપયોગ સામે લડવામાં અને તંદુરસ્તી ઉત્પાદક સમાજને ઉત્તેજન આપવા માટે જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે સમુદાયની સંડોવણીને પણ પ્રાથમિકતા આપે છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા દિવસના રોજ 'કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 માર્ચ (B) 11 માર્ચ (C) 12 માર્ચ (D) 13 માર્ચ **(A)**

2. તાજેતરમાં પ્રથમ વખત યુનાઈટેડ નેશન્સના સભ્યો રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની બહારના વિસ્તારોની દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ અને ટકાઉ ઉપયોગની ખાતરી કરવા માટે 'હાઈ સી સંધિ' (Treaty of the High Seas) પર સંમત થયા હતા. આ સંધિ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમાં 2030 સુધીમાં વિશ્વના 30% આંતરરાષ્ટ્રીય પાણીને સંરક્ષિત વિસ્તારો (MPA)માં મૂકવાનો કરાર છે.
2. કરારના ભાગરૂપે એક વિશેષ ભંડોળની સ્થાપના કરવામાં આવશે, જે COP દ્વારા નક્કી કરવામાં આવશે.
3. COP આ સંધિની કામગીરી પર દેખરેખ રાખશે.
4. આ સંધિનો પ્રસ્તાવ ભારત–જાપાન–ઓસ્ટ્રેલિયા અને અમેરિકા દ્વારા લાવવામાં આવ્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

3. તાજેતરમાં બ્રહ્મોસ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે. તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ અને એરક્રાફ્ટથી લોન્ચ કરી શકાય છે.
2. બ્રહ્મોસ મિસાઈલ એ NPO Mashinostroeyenia અને ભારતના DRDOનું વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
3. ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નશા મુક્ત ભારત અભિયાન' (NMBA) કયા વર્ષે શરૂ કરવામાં આવ્યું હતું ?

(A) 2020 (B) 2015 (C) 2013 (D) 2009 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IBSA અને ડિજિટલ ગવર્નન્સ રિફોર્મ્સ

જીનીવા સ્થિત ડિપ્લો ફાઉન્ડેશન અનુસાર ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાએ ત્રિપક્ષીય IBSA ફોરમની રચના કરી છે.

- જે ડિજિટલ ગવર્નન્સમાં સુધારાની પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.




### IBSA શું છે ?

IBSA એ દક્ષિણ–દક્ષિણ સહયોગ અને વિનિમય (South-South Cooperation and Exchange)ને પ્રોત્સાહન આપવા માટે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રિપક્ષીય, વિકાસ પહેલ છે.

- આ ત્રણેય ભાગીદારો વિકાસશીલ, બહુમતીવાદ, બહુ–સાંસ્કૃતિક, બહુ–વંશીય, બહુભાષી અને બહુ ધાર્મીક રાષ્ટ્રો છે.
- 6 જૂન, 2003ના રોજ 'બ્રાઝિલિયા ઘોષણાપત્ર' પર ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રીઓએ હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ આ જૂથને ઔપચારિક બનાવવામાં આવ્યું હતું. અને IBSA સંવાદ મંચ/ફોરમ નામ આપવામાં આવ્યું હતું.
- IBSAનું કોઈ મુખ્ય મથક અથવા કાયમી કારોબારી સચિવાલય નથી.
- IBSAના દેશો વચ્ચે 'IBSAMAR' (IBSA મેરીટાઈમ એક્સરસાઈઝ) નામની સંયુક્ત નૌકા કવાયત યોજાય છે.
- જે IBSA ત્રિપક્ષીય સંરક્ષણ સહયોગનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

### IBSA ફંડ

IBSA ફંડની સ્થાપના વર્ષ 2004માં કરવામાં આવી હતી.

- IBSA ફંડ (ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા ગરીબી અને ભૂખમરો સુવિધા) એક અનન્ય ભંડોળ છે જેના દ્વારા સભ્ય વિકાસશીલ દેશોમાં IBSAના ભંડોળ સાથેના વિકાસ પ્રોજેક્ટ્સ ચલાવવામાં આવે છે.
- આ ફંડનું સંચાલન 'યુનાઈટેડ નેશન્સ આફિસ (UN) ફોર સાઉથ–સાઉથ કો–ઓપરેશન' (UNOSSC) દ્વારા કરવામાં આવે છે.
- દરેક IBSA સભ્ય દેશને ફંડમાં વાર્ષિક 1 મિલિયન ડોલરનું યોગદાન આપવું જરૂરી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IBSAનો મુખ્ય ઉદ્દેશ

- દક્ષિણના દેશોમાં ગરીબી અને ભૂખમરો નાબૂદ કરવો.
- વૈશ્વિક દક્ષિણ દેશોમાં પ્રતિકૃતિ અને સ્કેલેબલ પ્રોજેક્ટ્સના અમલીકરણની સુવિધા દ્વારા ગરીબી અને ભૂખમરા સામેની લડતમાં શ્રેષ્ઠ પ્રયાસો વિકસાવવા.
- વિવિધ ક્ષેત્રોમાં તેમના સંબંધોને ગાઢ બનાવવા.
- નવા આંતરરાષ્ટ્રીય સ્થાપત્યના નિર્માણમાં યોગદાન આપવું.

નોંધ : 6 જૂન 2023ના રોજ જ્યારે 'બ્રાઝિલિયા ઘોષણાપત્ર' પર હસ્તાક્ષર થયા હતા ત્યારે ભારતના વિદેશમંત્રી શ્રી યશવંત સિન્હા, બ્રાઝિલના વિદેશમંત્રી શ્રી સેલ્સો એમોરીમ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રી શ્રી નકોસના દલામિની–ઝુમા હતા.

## IBSA વૈશ્વિક ડિજિટલ ગવર્નન્સમાં કેવી રીતે યોગદાન આપી શકે છે ?

ડિજિટાઈઝેશન IBSA અર્થતંત્રોમાં વૃદ્ધિનું કારણ બની રહ્યું છે.

- ત્રણેય દેશો નાગરિકો માટે પરવડે તેવી એક્સેસને પ્રાધાન્ય આપીને, ડિજિટલ કૌશલ્યો માટે તાલીમને સમર્થન આપીને અને નાના ડિજિટલ સાહસોના વિકાસ માટે કાનૂની માળખું બનાવીને ડિજિટલ સમાવેશમાં અગ્રેસર છે.
- વાઈબ્રન્ટ ડિજિટલ અર્થતંત્ર સાથે ભારત મોખરે છે.
- ભારતના G20 પ્રેસિડેન્સીનો ઉદ્દેશ્ય રાષ્ટ્રોના ડેટા ગવર્નન્સ આર્કિટેક્ચરનું સ્વ–મૂલ્યાંકન, નાગરિકોના અવાજો અને પસંદગીઓને નિયમિતપણે સામેલ કરવા માટે રાષ્ટ્રીય ડેટા સિસ્ટમનું આધુનિકીકરણ અને ડેટાને નિયંત્રિત કરવા માટે પારદર્શિતા સાથે સિદ્ધાંતોનું વ્યૂહાત્મક નેતૃત્વ કરવાનો છે.
- મોટી વસતી ધરાવતા IBSA રાષ્ટ્રો પણ ડેટાને રાષ્ટ્રીય સંસાધન તરીકે જુએ છે.

## FRINJEX - 23 અભ્યાસ : ભારત-ફ્રાન્સ

FRINJEX-23 એ ભારતીય સેના અને ફ્રેન્ચ આર્મી વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત છે.

- તે 7 થી 8 માર્ચ 2023 દરમિયાન કેરળના તિરુવનંતપુરમમાં પંગોડે મિલિટરી સ્ટેશન ખાતે હાથ ધરવામાં આવ્યું હતું.
- ભારતનું પ્રતિનિધિત્વ તિરુવનંતપુરમ સ્થિત ભારતીય સેનાના સૈનિકો દ્વારા કરવામાં આવ્યું હતું.




- જ્યારે ફ્રાન્સનું પ્રતિનિધિત્વ ફ્રેન્ચ છઠ્ઠી લાઈટ આર્મ્ડ બ્રિગેડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કવાયતનો ઉદ્દેશ્ય વ્યૂહાત્મક સ્તરે બંને દળો વચ્ચે આંતર સંચાલન ક્ષમતા, સંકલન અને સહકાર વધારવાનો છે.
- આ કવાયતથી ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બની છે. ઉપરાંત આ કવાયતથી દેશોને શાંતિ અને સંવાદિતા માટે સહયોગ કરવામાં મદદ મળી છે.

Weekly Current Affairs ICE MAGIC / WEEK - 10

## SATURDAY Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** જીનીવા સ્થિત ડિપ્લો ફાઉન્ડેશન અનુસાર તાજેતરમાં IBSA જૂથે ત્રિપક્ષીય IBSA ફોરમની રચના કરી છે. આ IBSA કયા ત્રણ દેશોનું એક જૂથ છે ?

(A) ભારત–બ્રાઝિલ–દક્ષિણ આફ્રિકા (B) ભારત–બાંગ્લાદેશ–દક્ષિણ આફ્રિકા

(C) ભારત–બર્મુડા–દક્ષિણ આફ્રિકા (D) આવું એકપણ જૂથ નથી

**(A)**

**2.** બ્રાઝિલિયા ઘોષણાપત્ર પર ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રીઓએ ક્યારે હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ IBSA જૂથ અસ્તિત્વમાં આવ્યું હતું ?

(A) 6 જૂન, 2001 (B) 6 જૂન, 2002 (C) 6 જૂન, 2003 (D) 6 જૂન, 2004

**(C)**

**3.** IBSA (India-Brazil-South Africa)નું વડું મથક કયા સ્થળે સ્થિત છે ?

(A) દિલ્હી (B) રિયો–ડિ–જાનેરો

(C) મુંબઈ (D) તેમનું કોઈ મુખ્ય મથક નથી

**(D)**

**4.** તાજેતરમાં ભારતીય સેના અને કયા દેશની સેના વચ્ચે FRINJEX-23 નામની કવાયતનું આયોજન થયું હતું ?

(A) ફ્રાન્સ (B) ઓસ્ટ્રેલિયા (C) કઝાકિસ્તાન (D) તુર્કમેનિસ્તાન

**(A)**

## ગુજરાત

➤ **ગરવી ગુજરાત પ્રવાસી ટ્રેન**



ભારતીય રેલવેએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' યોજના હેઠળ ગરવી ગુજરાત પ્રવાસી ટ્રેન શરૂ કરી છે. આ ટ્રેન ભારત ગૌરવ ડીલક્સ એસી ટ્રેન છે. તે IRCTC દ્વારા સંચાલિત છે અને તેમાં 156 પ્રવાસીઓ બેસી શકે છે. આ 8 દિવસની યાત્રા દિલ્હીના સફદરજંગ સ્ટેશનથી શરૂ થાય છે અને 3,500 કિમીનું અંતર કાપશે, જે ગુજરાતના સમૃદ્ધ વારસા અને સાંસ્કૃતિક વિવિધતાને દર્શાવે છે. તે 17મી ભારત ગૌરવ સર્કિટ છે અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગરવી ગુજરાત પ્રવાસી ટ્રેન અમદાવાદથી શરૂ થઈને વડોદરા, પાલિતાણા, સાસણ ગીર, સોમનાથ, દ્વારકા પસાર થઈને અમદાવાદ પરત ફરતી વખતે ગુજરાતના વિવિધ પ્રવાસન આકર્ષણોને આવરી લેશે. ટ્રેન આ સ્થળોએ ઉભી રહેશે : સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાંપાનેર પુરાતત્વ ઉદ્યાન, સોમનાથ, દ્વારકા, નાગેશ્વર જ્યોતિર્લિંગ, સાબરમતી આશ્રમ.

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઉજવાયો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજ્ય સ્તરીય મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'હર હાથ કો કામ, હર કામ કા સન્માન'ના મંત્ર સાથે માતા બહેનોને કાર્યને પ્રદાનને રોજિંદા જીવનમાં પણ સન્માનવાનું આહવાન કર્યુ હતું. આ અવસરે રાજ્યની મહિલા ઉદ્યમીઓ દ્વારા શરૂ કરાયેલ સ્ટાર્ટઅપ તથા મહિલા આંત્રપ્રિનિયોરને પ્રોત્સાહન આપવા 03 મહિલા ઉદ્યમીઓનું આ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જામનગર અને સાબરકાંઠા જિલ્લાના સખી વન સ્ટોપ સેન્ટરનું ઈ–લોકાર્પણ તથા સ્વંયસેવી સંસ્થા અને મહિલા કાર્યકર્તાઓને ગુજરાત વિકાસ મહિલા એવોર્ડથી સન્માનિત કરાયા હતા. આ સાથે 15 મુખ્ય સેવિકા અને આંગણવાડી બહેનોને માતા યશોદા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારત અને ઓસ્ટ્રેલિયાની '75 યર્સ ઓફ ફ્રેન્ડશિપ થ્રુ ક્રિકેટ'ની નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય ઉજવણી**



ભારત અને ઓસ્ટ્રેલિયાની '75 યર્સ ઓફ ફ્રેન્ડશિપ થ્રુ ક્રિકેટ'ની ભવ્ય ઉજવણી અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થની અલ્બનીઝ એમપીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ટેસ્ટ મેચના પ્રારંભ પહેલા ભારતના વડાપ્રધાનશ્રી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રીએ પોતપોતાના દેશની ક્રિકેટ ટીમના કપ્તાન અનુક્રમે શ્રી રોહિત શર્મા અને શ્રી સ્ટીવ સ્મીથને કેપ આપી જુસ્સો વધાર્યો હતો.

## ભારત

➤ **ISSF શૂટિંગ વર્લ્ડ કપ**

તાજેતરમાં કૈરોમાં 2023 ISSF શૂટિંગ વર્લ્ડ કપ યોજાયો હતો. જેમાં ભારતના રુદ્રાક્ષ પાટીલ અને આર. નર્મદા નીતિને ગોલ્ડ મેડલ જીત્યો છે. રુદ્રાક્ષ પાટીલે 10 મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત વરુણ તોમર અને રિધમ સાંગવાનની જોડીએ 10 મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ જીત્યો હતો. ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન ISSF વર્લ્ડ શૂટિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.

➤ **ઈન્ડિયા ફિલાન્થ્રોપી રિપોર્ટ 2023**

નોન–પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન 'દસરા' અને કન્સલ્ટિંગ ફર્મ બેઈન એન્ડ કંપની દ્વારા ઈન્ડિયા ફિલાન્થ્રોપી રિપોર્ટ 2023 બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ મુજબ ભારતમાં અલ્ટ્રા–હાઈ નેટ વર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (UHNI)નું સામાજિક ક્ષેત્રે યોગદાન માર્ચ 2022ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં 5% ઘટ્યું છે. રિપોર્ટમાં જણાવ્યું છે કે UHNIને દાતા નાણાકીય વર્ષ 2012માં ઘટીને 3,843 કરોડ થયું હતું, જે નાણાકીય વર્ષ 2011માં Rs 4,041 કરોડ હતું. તેનાથી વિપરીત 2021-22માં કોર્પોરેટ સામાજિક જવાબદારી ખર્ચમાં 5%નો વધારો થઈને રૂ.27,000 કરોડ થયો છે. એકંદરે છેલ્લા પાંચ વર્ષમાં ભારતના કુલ સામાજિક ક્ષેત્રના ખર્ચમાં 15% વાર્ષિક વૃદ્ધિ જોવા મળી રહી છે. 2017થી ભારતની પરોપકારીમાં વધારો થયો છે. કૌટુંબિક પરોપકાર અને કોર્પોરેટ સામાજિક જવાબદારી દેશના ખાનગી પરોપકારમાં 86% યોગદાન આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પ્રસા કૃષિ વિજ્ઞાન મેળાનું ઉદ્‌ઘાટન**

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમરે પ્રસા કૃષિ વિજ્ઞાન મેળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) દ્વારા કરમાં આવ્યું હતું. આ વર્ષે 'Nutrition, Food and Environmental Protection With Shree Anna' થીમ હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રણ દિવસીય મેળામાં વિવિધ પાકો અને ટેક્નોલોજીઓનું જીવંત પ્રદર્શન તેમજ ઈનપુટ એજન્સીઓ અને ખેડૂત પરામર્શ માટેના સ્ટોલનો સમાવેશ થાય છે. તેનો ઉદ્દેશ્ય નાના ખેડૂતો, વૈજ્ઞાનિકો અને સ્ટાર્ટઅપ્સને કૃષિક્ષેત્ર સાથે સંબંધિત મુખ્ય મુદ્દાઓને હલ કરીને સશક્તિકરણ કરવાનો છે.

➤ **સ્વચ્છ સુજલ શક્તિ સન્માન 2023**




તાજેતરમાં જળ શક્તિ મંત્રાલયે ગ્રામીણ જળ અને સ્વચ્છતા ક્ષેત્રની મહિલા ચેમ્પિયનનું સન્માન કરવા માટે ‘સ્વચ્છ સુજલ શક્તિ સન્માન 2023’નું આયોજન કર્યુ હતું. ‘જળશક્તિ અભિયાન : કેચ ધ રેઈન’ 2023ની ‘પીવાના પાણીનો સ્ત્રોત સ્થિરતા’ થીમ સાથે શરૂ થયો હતો. ‘સ્વચ્છ સુજલ ભારત’ બનાવવાના પ્રયાસમાં પાયાના સ્તરે મહિલાઓને નેતૃત્વ અને સહભાગીતાને ઓળખવા અને પ્રકાશિત કરવા માટે આ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ) સુધી યોજાયો હતો. 36 મહિલા વોશ ચેમ્પિયનને ‘સ્વચ્છ સુજલ શક્તિ સન્માન 2023’થી સન્માનિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **YDB - 60**



ભારતીય નૌકાદળને પાણીની અંદર એન્ટી–સબમરીન વોરફેર રોકેટ RGB 60 માટે પ્રથમ સંપૂર્ણ સ્વદેશી ફ્યુઝ YDB 60 પ્રાપ્ત થયો છે. નાગપુર સ્થિત ખાનગી ભારતીય ઉદ્યોગ મેસર્સ ઈકોનોમિક એક્સપ્લોઝિવ્સ લિમિટેડ (EEL) દ્વારા ફ્યુઝનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. ફ્યુઝ એ શસ્ત્ર અથવા દારૂગોળાનો ભાગ છે જે તેની ક્રિયા શરૂ કરે છે. ટોર્પિડોઝમાં તેનું કાર્ય વિસ્ફોટક કરવાનું છે. ફ્યુઝમાં ઈલેક્ટ્રોનિક અથવા મિકેનિકલ ભાગો હોઈ શકે છે. RGB - 60 એ એક રોકેટ છે જેનો ઉપયોગ સબમરીનને નિશાન બનાવવા માટે થાય છે. તેનો વ્યાસ 212mm અને લંબાઈ 1830mm છે.

## વિશ્વ

### ➤ વર્લ્ડ ઓબેસિટી એટલાસ 2023

વર્લ્ડ ઓબેસિટી ફેડરેશને 'વર્લ્ડ ઓબેસિટી એટલાસ 2023' રિપોર્ટ બહાર પાડ્યો છે. અહેવાલમાં આફ્રિકામાં બાળકો અને પુખ્ત વયના લોકોમાં સ્થૂળતાના દરમાં નોંધપાત્ર વધારો થવાની આગાહી કરવામાં આવી છે. જેમાં 2035 સુધીમાં બાળકોની સ્થૂળતા દર 5% થી વધીને 14% અને પુખ્ત સ્ત્રીઓમાં 18% થી વધીને 31% થવાની ધારણા છે. સ્થૂળતાના દરમાં સૌથી વધુ વધારો આફ્રિકા અને એશિયાના નીચી મધ્યમ આવક ધરાવતા દેશોમાં જોવા મળ્યો હતો.

### ➤ Terran 1



8 માર્ચના રોજ કેલિફોર્નિયા સ્થિત સ્ટાર્ટઅપ કંપની રિલેટિવિટી સ્પેસ વિશ્વનું પ્રથમ 3D પ્રિન્ટેડ રોકેટ Terron 1 લોન્ચ કરીને ઈતિહાસ રચ્યો છે : આ પ્રક્ષેપણ 'ગુડ લક, હેવ ફન' (GLHF) મિશનનો એક ભાગ છે. Terron 1 એ ઓર્બિટલ ફ્લાઈટનો પ્રયાસ કરવા માટે સૌથી મોટો 3D-પ્રિન્ટેડ ઓબ્જેક્ટ હશે, જેનું વજન 9,280 કિગ્રા છે અને 110 ફૂટ ઊંચું અને 7.5 ફૂટ પહોળું છે. 85% રોકેટ 3D-પ્રિન્ટિંગ તકનીકનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®







# QUESTION OF THIS WEEK

1. રાષ્ટ્રીય સુરક્ષા દિવસ 2023ની થીમ શું છે ? – Our Aim-Zero Harm

2. કઈ બેંકે સિટીગ્રુપના ભારતીય ગ્રાહક વ્યવસાયનું સંપાદન પૂર્ણ કર્યુ છે ? – Axis Bank

3. 'સમર્થ યોજના' જે તાજેતરમાં સમાચારોમાં હતી. તે કયા મંત્રાલય સાથે સંકળાયેલ છે ? – કાપડ મંત્રાલય

4. કઈ સંસ્થાએ 'માઈન્ડ ધ જેન્ડર ગેપ' રિપોર્ટ બહાર પાડ્યો છે ? – CFA Institute

5. તાજેતરમાં કયા દેશએ 'ઈન્ડો–પેસિફિક ટેક દૂત'ની જાહેરાત કરી છે ? – યુકે

6. 'G20 ફોરેન મિનિસ્ટર્સ મીટિંગ' (FMM)નું યજમાન કયું શહેર છે ? – નવી દિલ્હી

7. તાજેતરમાં કઈ સંસ્થાને 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવર' (CBIP) એવોર્ડ આપવામાં આવ્યો હતો ? – NTPC

8. કઈ સંસ્થાએ 'More than a billion reasons : The urgent need to build Universal Social Protection' શીર્ષકથી અહેવાલ બહાર પાડ્યો છે ? – UNICEF - ILO

9. _____ દેશે 1 માર્ચના રોજ 26 દેશોના ગુપ્તચર અને સુરક્ષા વડાઓની બીજી કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું ? – ભારત

10. કેરળના તિરુવનંતપુરમમાં ભારત અને _____ સૈન્ય વચ્ચે પ્રથમ સંયુક્ત સૈન્ય અભ્યાસ FRINJEX-23 યોજાયો. – ફ્રેન્ચ

11. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં ત્રીજી વર્લ્ડ ટેક્સટાઈલ કોન્ફરન્સ યોજાઈ હતી ? – અમદાવાદ

12. વિશ્વનું પ્રથમ 200 મીટર ઊંચું વાસ કેશ બેરિયર 'બાહુબલ્લી' કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્ર

13. 2021-22 માટે સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) રિપોર્ટ મુજબ કૃષિ ક્ષેત્રમાં રોજગારનો હિસ્સો કેટલો છે ? – 45.5%

14. કયા દેશે 'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે ? – ભારત

15. ડ્રાફ્ટ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી રેગ્યુલેશન તાજેતરમાં કઈ જાતિના રક્ષણ માટે બહાર પાડવામાં આવ્યા હતા ? – ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ

16. વિશ્વ સ્થૂળતા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 4 માર્ચ

(વિશ્વ સ્થૂળતા દિવસની થીમ 'Changing Perspectives : Let's Talk About Obesity' છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. કઈ સંસ્થાએ 'ગ્લોબલ ગ્રીનહાઉસ ગેસ મોનિટરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રજૂ કર્યુ છે ? – WMO

18. કયા કેન્દ્રીય મંત્રાલયે મહિલાઓની આગેવાની હેઠળ સ્વચ્છતા અભિયાન 'સ્વચ્છોત્સવ' શરૂ કર્યુ છે ?
– આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

19. ગ્લોબલ પાર્ટનરશિપ ફોર ફાયનાન્સિયલ ઈન્ક્લુઝનની બીજી બેઠકનું યજમાન કયું શહેર હતું ? – હૈદરાબાદ

20. સાલ્હોતુઓનુઓ ક્રૂસે કયા રાજ્યના પ્રથમ મહિલા કેબિનેટ મંત્રી બનીને ઈતિહાસ રચ્યો છે ? – નાગાલેન્ડ

21. _____ રાજ્યની સરકાર જમીનના રેકોર્ડના મુદ્દાઓને ઉકેલવા માટે એપ્રિલના અંત સુધીમાં પટ્ટાયા મિશનની સ્થાપના કરવાની યોજના બનાવી રહી છે. – કેરળ

22. તાજેતરમાં ચર્ચામાં રહેલ યાઓશાંગ ફેસ્ટિવલ કયા રાજ્યના મુખ્ય તહેવારોમાંનો એક છે ? – મણિપુર

23. 'ટ્રોપેક્સ 2023' કયા દેશ દ્વારા આયોજિત એક મુખ્ય ઓપરેશનલ કવાયત છે ? – ભારત

24. માઈમ્યુસેમિયા સિલોનિકા એક દુર્લભ પ્રજાતિ ભારતમાં પ્રથમ વખત કયા રાજ્યમાં જોવામાં આવી છે ? – કેરળ

25. તાજેતરમાં 'ગેરકાયદેસર સ્થળાંતર બિલ' કયા દેશે રજૂ કર્યુ છે ? – યુકે


26. તાજેતરમાં કયા દેશે 25 વર્ષમાં પ્રથમ વખત મહિલાઓ માટે લશ્કરી સેવા ખોલી છે ? – કોલંબિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# નકશા નં - 7

**ભારત** | **સમુદ્ર તટ**



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT